# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 17-11-2024 MIDDAY : 1.20 to 1.30
Day : SUNDAY National News

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભૂંડિયા** વાંચે છે.

***************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને નાઇજીરિયામાં 'ધ ગ્રાન્ડ કમાન્ડર ઓફ ધ ઓર્ડર ઓફ ધ નાઇજર' પુરસ્કારની જાહેરાત
2. મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભાની ચૂંટણી માટે ટોચનાં નેતાઓ આજે પ્રચાર કરશે
3. દિલ્હીની આમ આદમી પાર્ટી સરકારના મંત્રી કૈલાશ ગેહલોતે મંત્રી અને પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપ્યું.
4. ઓસ્ટ્રેલિયા, જાપાન અને અમેરિકાએ ભારત-પ્રશાંત વિસ્તારમાં ભારતનાં દરિયાઇ નિરીક્ષણનાં પ્રયત્નોને ટેકો આપ્યો.
5. અમેરિકા ભારતને એક કરોડ ડોલરનાં મૂલ્યની ચોરાયેલી 1400થી વધુ કલાકૃતિઓ પરત કરશે
6. મહિલા એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી હોકીમાં અંતિમ ગ્રૂપ-સ્ટેજ મેચમાં આજે ભારતનો મુકાબલો જાપાન સામે

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM NIGERIA AWARD

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને નાઇજીરિયામાં 'ધ ગ્રાન્ડ કમાન્ડર ઓફ ધ ઓર્ડર ઓફ ધ નાઇજર' પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે.

અગાઉ, બ્રિટનનાં મહારાણી એલિઝાબેથ એક માત્ર એવાં નેતા હતા જેમને આ પુરસ્કાર અર્પણ કરાયો હતો. પ્રધાનમંત્રી મોદીને કોઇ દેશ દ્વારા આપવામાં આવેલો આ 17મો આંતરરાષ્ટ્રીય પુરસ્કાર છે.

પ્રધાનમંત્રી નાઈજીરીયા, બ્રાઝીલ અને ગુયાના એમ ત્રણ દેશોની પાંચ દિવસીય મુલાકાતના પ્રથમ તબક્કામાં ગઈકાલે રાત્રે નાઈજીરીયા પહોંચ્યા હતા. નાઇજિરિયામાં વસતા ભારતીય સમુદાયે ગઈ રાત્રિએ અબુજા ખાતે તેમનું ભાવભીનું સ્વાગત કર્યું હતું.

તેઓ આજે અબુજામાં નાઈજીરીયાના રાષ્ટ્રપતિ બોલા અહેમદ ટીનુબુ સાથે વાતચીત કરશે. બંને નેતાઓ વ્યૂહાત્મક ભાગીદારીની સમીક્ષા કરશે અને દ્વિપક્ષીય સંબંધોને વધારવા માટેના પગલાં અંગે ચર્ચા કરશે. મંત્રણા બાદ અનેક કરારો પર હસ્તાક્ષર થવાની શક્યતા છે. પ્રધાનમંત્રી નાઈજીરીયામાં ભારતીય સમુદાયને પણ સંબોધિત કરશે. છેલ્લાં 17 વર્ષમાં ભારતીય પ્રધાનમંત્રીની નાઈજીરિયાની આ પ્રથમ મુલાકાત છે.

શ્રી મોદીએ પોતાની સંસ્કૃતિ અને મૂળિયા સાથે વળગી રહેવા નાઇજીરિયાનાં મરાઠી સમુદાયની પ્રશંસા કરી છે. સામાજિક માધ્યમની પોસ્ટમાં શ્રી મોદીએ જણાવ્યું છે કે, નાઇજીરિયામાં રહેતા મરાઠી સમુદાયે મરાઠી ભાષાને શાસ્ત્રીય ભાષાનો દરજ્જો મળવા બદલ ખુશી વ્યક્ત કરી છે.

પ્રધાનમંત્રી તેમની મુલાકાતના બીજા તબક્કામાં આવતીકાલે બ્રાઝિલમાં G20 સંમેલનમાં ભાગ લેશે, જ્યાં તેઓ વૈશ્વિક મુદ્દાઓ પર ભારતનો પરિપ્રેક્ષ્ય રજૂ

**કરશે અને તાજેતરમાં ભારતમાં યોજાયેલી G20 અને વૉઇસ ઑફ ધ ગ્લોબલ સાઉથ સમિટના પરિણામો વિશે પણ ચર્ચા કરશે.**

**વિદેશ પ્રવાસના ત્રીજા અને અંતિમ તબક્કામાં પ્રધાનમંત્રી 19 થી 21 નવેમ્બર સુધી ગયાનાની મુલાકાત લેશે.**

## JHARKHAND –MAHARASHTRA CAMPAIGNING

ઝારખંડ અને મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે પ્રચારે વેગ પકડ્યો છે. ઝારખંડમાં બીજા તબક્કાની ચૂંટણીનાં પ્રચારનો આવતી કાલે સાંજે અંત આવશે. વિવિધ રાજકીય પક્ષોનાં અગ્રણી નેતાઓ આજે જાહેરસભાઓ સંબોધશે. ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ જે પી નડ્ડા આજે ગોમિયા, સિન્દરી અને નાલામાં ત્રણ સભાઓ સંબોધશે.  શિવરાજ સિંહ ચૌહાણ, હિંમતા બિસવા સરમા અને ચંપઇ સોરેન પણ એનડીએ માટે પ્રચાર કરશે.

જેએએમના નેતા અને મુખ્યમંત્રી હેમંત સોરેન રાજ્યમાં છ સભાઓ સંબોધશે. કોંગ્રેસના નેતાઓ પણ શ્રેણીબધ્ધ બેઠકો યોજશે, જ્યારે આરજેડી નેતા તેજસ્વી યાદવ ધનબાદમાં જાહેર સભાને સંબોધશે.રાજ્યમાં 20 નવેમ્બરે બીજા તબક્કાનું મતદાન યોજાશે. દરમિયાન, મહારાષ્ટ્રમાં 20 નવેમ્બરે યોજાનાર એક તબક્કાની ચૂંટણી આડે માત્ર બે દિવસ બચ્યા હોવાથી ટોચનાં રાજકીય પક્ષો દ્વારા પ્રચાર ચરમસીમા પર છે. પરિણામ 23 નવેમ્બરે જાહેર થશે.

## AAM ADMI PARTY

આમ આદમી પાર્ટીને મોટો ઝટકો લાગ્યો છે. દિલ્હીની આમ આદમી પાર્ટીના મંત્રી કૈલાશ ગેહલોતે રાજીનામું ધરી દીધુ છે. પોતાની નારાજગી જાહેર કરીને તેમણે પક્ષના પ્રાથમિક પદેથી પણ રાજીનામું આપી દીધુ છે.

યમુના સફાઇ અને શિષ મહલ વિવાદના મામલે તેમણે આ રાજીનામું ધરી દીધુ છે.

## DRDO

સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા -DRDOએ ગઈકાલે ઓડિશાના દરિયાકાંઠે આવેલા ડૉ .APJ અબ્દુલ કલામ દ્વીપ પરથી ભારતની પ્રથમ લાંબા અંતરની હાયપરસોનિક મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું છે .

આ હાઈપરસોનિક મિસાઈલ સશસ્ત્ર દળો માટે વિવિધ પેલોડને એક હજાર 500 કિલોમીટરથી વધુ અંતર સુધી લઈ જવા માટે બનાવવામાં આવી છેએક . સોશિયલ મીડિયા સંદેશમાં, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આ પરીક્ષણને એક ઐતિહાસિક સિદ્ધિ ગણાવી છે, તેમણે સફળ ઉડાન પરીક્ષણ માટે DRDO, સશસ્ત્ર દળો અને સંરક્ષણ ઉદ્યોગને અભિનંદન પાઠવ્યા હતા.

## INDO-PACIFIC

ઓસ્ટ્રેલિયા, જાપાન અને અમેરિકાએ ભારત-પ્રશાંત વિસ્તારમાં ભારતનાં દરિયાઇ નિરીક્ષણનાં પ્રયત્નોને ટેકો આપવાની પોતાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી છે અને આ વિસ્તારમાં ગાઢ જોડાણનાં મહત્વને સ્વીકાર્યું છે.

આજે ઓસ્ટ્રેલિયાના ડાર્વિન ખાતે 14મી ત્રિપક્ષીય સંરક્ષણ મંત્રી બેઠકમાં ઓસ્ટ્રેલિયન નાયબ પ્રધાનમંત્રી અને સંરક્ષણ મંત્રી રિચર્ડ માર્લેસ, જાપાનના સંરક્ષણ મંત્રી નાકાતાની જેન અને અમેરિકન સંરક્ષણ મંત્રી લોઇડ ઓસ્ટીન ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક બાદ પ્રસિધ્ધ કરવામાં આવેલા સંયુક્ત નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, "અમે વર્ષ 2025થી ભારત-પ્રશાંત વિસ્તારમાં દરિયાઇ ક્ષેત્રમાં જાગૃતિ ફેલાવવા પ્રતિબધ્ધ છે અને દરિયાઇ નિરીક્ષણમાં ગાઢ જોડાણ કરવાની યોજનામાં ભારતની અગ્રણી ભૂમિકાને સ્વીકારીએ છીએ."

## MID BREAK- NEWS

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો આ .રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો વધુ સમાચાર માટે આપ અમારા .એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

## US-ARTEFACTS RETURN

સાંસ્કૃતિક વારસો પાછો લાવવાની પહેલમાં, યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાએ ભારતને એક કરોડ ડોલરની કિંમતની 14સોથી વધુ લૂંટાયેલી કલાકૃતિઓ પરત કરવાની જાહેરાત કરી .જેમાં ન્યૂ યોર્કના મેટ્રોપોલિટન મ્યુઝિયમ ઑફ આર્ટમાં તાજેતરમાં પ્રદર્શિત કરાયેલી વસ્તુઓનો પણ સમાવેશ થાય છેતેમાં એક દૈવી . નૃત્યાંગનાની રેતીના પથ્થરની પ્રતિમાનો પણ સમાવેશ થાય છે, જેને મધ્ય ભારતમાંથી ગેરકાયદેસર રીતે લંડન લઈ જવામાં આવી હતી.

સાંસ્કૃતિક સંપત્તિના ગેરકાયદે વેપાર સામે લડવા અને ચોરાયેલી કલાકૃતિઓ પરત કરવા માટે અમેરિકા અને ભારત વચ્ચે જુલાઈમાં થયેલા કરારને વેગ મળ્યો છે માત્ર બે મહિના પહેલા .જ અમેરિકાએ ઈસવીસન પૂર્વેના 2 હજાર થી

ઈસવીસનના 1900 સુધીના ચાર હજાર વર્ષ સુધીની 297 કલાકૃતિઓ ભારતને પરત કરી હતી.

વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું કે, 2016થી અમેરિકાએ ભારતને 578 સાંસ્કૃતિક વસ્તુઓ પરત મોકલી છેઆ કલાકૃતિઓની પુનઃસંગ્રહ ભારત અને . અમેરિકા વચ્ચે સાંસ્કૃતિક સહકાર પર વધતા ભારને પ્રતિબિંબિત કરે છે, જે વૈશ્વિક વારસાના સંરક્ષણમાં સકારાત્મક પ્રકરણને ચિહ્નિત કરે છે.

## HOCKEY - WOMEN'S ASIAN TROPHY

મહિલા એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી હોકીમાં આજે અંતિમ ગ્રૂપ-સ્ટેજ મેચમાં ભારતનો મુકાબલો જાપાન સામે થશે. આ મેચ બિહારના રાજગીર હોકી સ્ટેડિયમમાં ભારતીય સમય અનુસાર સાંજે પોણા પાંચ વાગે શરૂ થશે. ભારતે ચીનને 3-0થી પરાજય આપ્યો હતો અને સતત ચોથી જીત નોંધાવી. આ જીત સાથે જ યજમાન ભારતીય ટીમ ચાર મેચમાં 12 પોઈન્ટ મેળવીને પ્રથમ સ્થાને પહોંચી ગઈ છે.

બીજી તરફ, જાપાને તેની અગાઉની મેચમાં મલેશિયાને 2-1થી હરાવીને તેની પ્રથમ જીત નોંધાવી હતી. કોરિયા અને થાઈલેન્ડ સામેની તેની મેચ ડ્રો રહી હતી જ્યારે તેને ચીન સામે હારનો સામનો કરવો પડ્યો હતો. અન્ય મેચોમાં ચીનનો સામનો દક્ષિણ કોરિયા અને મલેશિયાનો થાઈલેન્ડ સામે થશે.

## GSAT-20 LAUNCH

એલોન મસ્કનું સ્પેસ એક્સ મંગળવારે યુએસના કેપ કેનાવેરલથી ભારતના ભારે સંચાર ઉપગ્રહ GSAT-20ને લોન્ચ કરશે.

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા – ISRO ના ચેરમેન એસ. સોમનાથે જણાવ્યું છે કે, સ્પેસ એક્સનું ફાલ્કન-9 ઈસરોના GSAT-20ને 19 નવેમ્બરે લોન્ચ કરશે, જેને GSAT N-2 પણ કહેવાય છે. આ ઉપગ્રહ 14 વર્ષ સુધી કાર્યરત રહેવાની

અપેક્ષા છે. તે દૂરના વિસ્તારો માટે ઇન્ટરનેટ કનેક્ટિવિટી સહિત સમગ્ર ભારતમાં મહત્વપૂર્ણ સેવાઓ પ્રદાન કરશે.

## SL- SWEARING-IN CEREMONY

શ્રીલંકાની સરકારના નવા મંત્રીમંડળનો શપથ ગ્રહણ સમારોહ આવતીકાલે રાષ્ટ્રપતિ સચિવાલય ખાતે રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકેની હાજરીમાં યોજાશે. સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર રાષ્ટ્રપતિ 23 સભ્યોની કેબિનેટની નિમણૂક કરવાની યોજના ધરાવે છે. જેમાં સંરક્ષણ અને નાણાં વિભાગ તેમના નેતૃત્વ હેઠળ રાખવામાં આવશે.  ડૉ. હરિની અમરાસૂર્યાને પ્રધાનમંત્રી તરીકે ફરીથી નિયુક્ત કરવામાં આવશે, જ્યારે વિજીતા હેરાથ વિદેશમંત્રી રહશે.

ઉલ્લેખનીય છે કે, સત્તાધારી નેશનલ પીપલ્સ પાવર એલાયન્સે સંસદીય ચૂંટણીમાં 225 બેઠકોમાંથી 159 બેઠકો જીતી હતી. સપ્ટેમ્બરની શરૂઆતમાં, NPP નેતા અનુરા કુમારા દિસાનાયકે તેમના ભ્રષ્ટાચાર વિરોધી અને આર્થિક સુધારણા અભિયાનના બળ પર રાષ્ટ્રપતિની ચૂંટણી જીતી હતી.

## ISRAEL-FLARES

ઇઝરાયેલના સુરક્ષા અધિકારીઓએ જણાવ્યું કે, ગઈકાલે ઇઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુના ઘર નજીક હવાઈ હુમલો થયો હતો. પોલીસ અને સુરક્ષા એજન્સી આ મામલે તપાસ કરી રહી છે. ઈઝરાયલના રાષ્ટ્રપતિ આઈઝેક હરઝોગે આ હુમલાની નિંદા કરી અને જવાબદારોને શોધવા માટે ઝડપી તપાસ કરવા કહ્યું છે. તેમણે જાહેર જીવનમાં વધતી હિંસા સામે પણ ચેતવણી આપી હતી. આ હુમલો કોણે કર્યો તે હજુ સ્પષ્ટ થયું નથી.

ઉલ્લેખનીય છે કે, અગાઉ 19 ઓક્ટોબરના રોજ નેતન્યાહુના ઘર પર ડ્રોન હુમલો થયો હતો.